જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૮/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-                    સમાચાર યાદી નં.૧૪૮૬/૧૮

## અમદાવાદ શહેર તથા આજુ બાજુના વિસ્તારમાં ઓટો રીક્ષામાં પેસેન્જરને બેસાડી નજર ચુકવી સોના-ચાંદીના દાગીના તથા રોકડા નાંણાની ચોરી કરનાર આરોપીઓને પકડી અનડિટેક ગુનાઓનો ભેદ ઉકેલતી કાગડાપીઠ પોલીસ.

અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સૌરભ તોલમ્બીયા સાહેબ તથા ઈ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીજન વી.એમ.જાડેજા સાહેબ તથા પોલીસ ઈન્સપેકટર એસ.એસ.મોદી સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાગડાપીઠ પોલીસ સ્ટેશન ના એસ.ટી.ચોકીના પ્રો.પો.સ.ઈ. એમ.જે.હુણ તથા સર્વલન્સ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વલન્સ સ્કોડ ના **પો.કો.સરદારસિહ મહિપતસિહ તથા પો.કો.શૈલેશભાઈ માધાભાઈ** નાઓની બાતમી હકિકત આધારે કાગડાપીઠ પો.સ્ટેશન ફ્સ્ટ ગુરન ૧૨૮/૨૦૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનો શોધી કાઢી જેમાં આરોપી નં. (૧) **મહેબુબઅલી ઉર્ફે કાદર નજરઅલી શેખ ઉં.વ. ૩૫ રહેવાસી મ.ન,૮ સરતાઝનગર આર.કે.નગરની બાજુમાં કેનાલ ની પાસે વટવા અમદાવાદ શહેર**

આરોપી નં.(૨) **ઈશાક ઉર્ફે બાબા સ/ઓ ઈબ્રાહિમભાઈ સિંધા(મુસ્લીમ) રહેવાસી મ.ન,૧૧૩ આયેશાબીબી ચાલી આયેશા મસ્ઝીદ ની બાજુમાં શાહઆલમ ઈસનપુર અમદાવાદ શહેર**

આરોપી નં.(૩) **મોહમદ રફિક S/O એહજાઝખાન પઠાણ રહે,૨૯ રહેવાસી, સરતાઝનગર મરજાન ફ્લેટ ની પાછળ વટવા અમદાવાદ શહેર**

ઉપરોક્ત આરોપીઓને સદર ગુનાના કામે કામે પકડી અટક કરવામાં આવેલ છે તથા સદરી ત્રણેય આરોપીઓ પાસેથી **સોના ચાંદીના દાગીના કિ.રૂ.૫૩૮૬૦/- ની મતાના તથા રોકડા રુપિયા ૧૪,૦૦૦/- રોકડા મળી કુલ્લે કિ.રુ.૬૭૮૬૦/- ની મતાનો મુદ્દામાલ** તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.તેમજ સદર ગુનામાં સંડોવાયેલ બીજા બે આરોપીની તપાસ હાલમાં ચાલુ છે.

બાદ આ કામે અત્રેના પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ આરોપીઓને ઉપરોક્ત ગુનાના કામે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે પોતે તથા પોતાના મિત્રો સાથે રિક્ષા લઈ અમદાવાદ શહેર ના તથા આજુ બાજુના વિસ્તારમાં એકલ દોકલ મહિલા કે પુરુષ પેસેન્જર ને રિક્ષામાં બેસાડી બીજા આરોપીઓ પેસેન્જર બની પાછળથી રિક્ષા માં બેસી ચાલુ રિક્ષા માં **પેસેન્જર ની નજર ચુકવી પેસેન્જર ના થેલામાં કે પર્સ માંથી સોના ચાંદીના દાગીનાઓ તથા રોકડ રકમ ની ચોરી કરી પેસેન્જર ને**

**અધવચ્ચે રિક્ષા ઉભી રાખી રિક્ષા માં બેસેલ પેસેન્જર ને " રિક્ષાનો વાયર તુટી ગયેલ છે તમે બીજી રિક્ષામાં જતા રહો " તથા " આગળ પોલીસ ના માણસો ઉભેલા છે જેથી તમે ઉતરી જાઓ" તેમ જણાવી ત્યાથી નાસી જઈ ગુનો કરવાની ટેવ વાળા** હોય જેથી આરોપીઓની યોગ્ય યુક્તી પ્રયુક્તી થી વધુ તપાસ અર્થે પુછપરછ કરતા પોતે તથા પોતાના મિત્રો સાથે નીચે જણાવેલ જગ્યાએ ઉપરોક્ત એમ.ઓ. થી પેસેંજરો ને રિક્ષા માં બેસાડી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ ની ચોરીઓ કરેલ છે જે અલગ અલગ પોલીસ સ્ટેશનો માં દાખલ થયેલ ગુનાઓ નીચે મુજબ ના છે.

(૧) **નરોડા પો.સ્ટેશન** ફસ્ટ ગુ.ર.ન.૧૪૧/૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢવામાં આવેલ છે.

(૨) **હવેલી પો. સ્ટેશન** ફસ્ટ ગુરન ૭૬/૨૦૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢવામાં આવેલ છે.

(૩) **ઈસનપુર પો. સ્ટેશન** ફસ્ટ ગુરન ૨૩/૨૦૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢવામાં આવેલ છે.

(૪) **ઈસનપુર પો.સ્ટેશન**. ફસ્ટ ગુ.ર.ન.૧૦૨/૨૦૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.

**<u>આરોપી નં.(૨) ઈશાક ઉર્ફે બાબા સ/ઓ ઈબ્રાહિમભાઈ સિંધા(મુસ્લીમ) નાની પુછપરછ તપાસ દરમ્યાન તેના મિત્રો સાથે મળી અલગ અલગ જગ્યાએ કરેલ ચોરીની કબુલાત કરેલ જે નીચે મુજબની છે.</u>**

(૧) આજથી આશરે અઢી-ત્રણેક માસ પહેલા સાણંદ બસ ડેપો આગળથી એક બહેન તથા એક નાની છોકરીને રિક્ષામાં બેસાડી **વિરમગામ** પહેલા રોડ ઉપર ઉતારેલ અને તેના થેલામાંથી એક સોનાના દાગીના તથા રોકડ રકમ ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૨) આજથી આશરે બે અઢી મહીના પહેલા **નારોલ સર્કલથી** એક બહેન તથા ૨-૩ નાના બાળકો હતા જેઓને રિક્ષામાં બેસાડી બેરલ માર્કેટ આગળ ઉતારી દીધેલ અને તેઓના થેલામાંથી સોનાના દાગીનાની ચોરી કરી હોવાની કબુલાત કરેલ છે

(૩) આજથી આશરે ચારેક માસ પહેલા એક બહેન તથા એક બાળકને **નારોલ સર્કલથી** રિક્ષામાં બેસાડી વટવા ગામ બાજુ કેનાલ પહેલા રોડ ઉપર ઉતારેલ જેના પર્સમાંથી રોકડ રકમ ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૪) રમજાન મહીનામાં એક બહેનને તથા બે છોકરાને **નારોલ સર્કલથી** રિક્ષામાં બેસાડી પીપળજ ચાર રસ્તા નજીક ઉતારેલ જેના થેલામાંથી એક સોનાના દાગીના તથા રોકડ રકમ ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૫) આજથી આશરે એક મહીના પહેલા **નારોલ સર્કલથી** એક બહેનને બેસાડેલ જેને શાસ્ત્રીબ્રીજ પો.ચોકી પહેલા ઉતારી દીધેલ જેના થેલામાંથી રોકડ રકમ ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૬) આજથી આશરે એક મહીના પહેલા **ચિલોડા સર્કલથી** એક બહેનને બેસાડલ અને થોડે દુર રિંગ રિડ ઉપર ઉતારી દીધેલ જેના થેલામાંથી રોકડ રકમ ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૭) આજથી આશરે બે-અઢી મહીના પહેલા એક બહેન તથા એક પુરૂપ ને **એક્સપ્રેસવે થી** બેસાડી

ઈસનપુર બ્રીજ ના છેડા પાસે ઉતારેલ અને જેના થેલામાંથી રોકડ રકમ  ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

**(૮)** આજથી આશરે વીસેક દિવસ પહેલા એક બહેનને **નારોલ સર્કલથી** રિક્ષામાં બેસાડી રંગોલી ચાર રસ્તા નજીક ઉતારેલ જેના થેલામાંથી સોનના દાગીના  તથા રોકડ રકમ ની ચોરી કરેલ  હોવાની કબુલાત કરેલ છે.

**(૯)** આજથી આશરે વીસેક દિવસ પહેલા એક બહેનને **નારોલ સર્કલથી** રિક્ષામાં બેસાડી વટવા ટર્નિંગ નજીક ઉતારેલ જેના થેલામાંથી રોકડ રકમ ની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

**(૧૦)** આજથી આશરે દોઢ મહીના પહેલા એક મહીલા તથા એક કાકાને **નારોલ સર્કલથી** રિક્ષામાં બેસાડી અસલાલી સર્કલ ઉતારી દીધેલ જેના થેલામાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

સદરહુ આરોપીઓ પૈકી આરોપી નં.**(૨)** ઈશાક ઉર્ફે બાબા સ/ઓ ઇબ્રાહિમભાઇ સિંધા (મુસ્લીમ) નાઓ અગાઉ એલીસબ્રિજ પો.સ્ટે માં મોબાઈલ ચોરીના ગુનામાં પકડાયેલ છે
આરોપી નં (૩) મોહમદ રફિક S/O એહજાઝખાન પઠાણ નાનો વટવા પો.સ્ટેશન તથા ઈસનપુર પો.સ્ટેશન માં ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ છે.



મહેબુબઅલી  ઉર્ફે કાદર સ/ઓ નજરઅલી શેખ



ઈશાક ઉર્ફે બાબા સ/ઓ ઇબ્રાહિમભાઇ સિંધા (મુસ્લીમ)




મોહમદ રફિક સ/ઓ એહજાઝખાન પઠાણ

## <u>વટવા પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા પો.સ.ઈ. જે.વાય.ચૌહાણ તથા સાથેના પોલીસના માણસો સાથે વટવા પો.સ્ટે. દાખલ થયેલ (૧) ફ્સ્ટ ગુરનં. ૧૦૨/૧૮ ધી ઈપીકો કલમ- ૩૮૦, ૧૧૪ મુજબના કામે ફરિયાદી શ્રી આશાબેન જયેશભાઈ ગોરખા નાઓના ઘરે તા.૦૨/૦૮/૨૦૧૮ ના બપોરના આશરે અઢી વાગ્યાની આસપાસ ઘરે એકલા હતા ત્યારે ત્રણ મહીલાઓ જેમાં બે નાની છોકરીઓ તથા એક મોટી ઉંમરની ભીખ માંગવાના બહાના હેઠળ ઘરમાં આવેલ અને ફરિયાદીએ ભીખ આપવાની ના પાડી અને મકાનનો દરવાજો ખુલ્લો રાખી સુઈ ગયેલ અને થોડીવાર પછી કંઈક અવાજ જેવું થયેલ અને થોડીવાર પછી ઉઠી જોતાં કબાટના કપડા વેરણ છેરણ પડેલ હતા અને ઘરના કબાટમાં સ્ટીલનો ડબ્બો જેમાં ફરિયાદીના સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયા હતા તે ડબ્બો જણાયેલ નહી. જેથી ફરિયાદીએ તેની નણંદને ફોન ઉપર જાણ કરતાં તેની નણંદ તથા ફરિયાદી તાત્કાલિક નજીકની વેટિકન પોલીસ ચોકી પરના પો.સ.ઈ. જે.વાય.ચૌહાણ ને જાણ કરતા તાત્કાલિક ફરિયાદી સાથે પોલીસ માણસો વિસ્તારમાં તપાસ કરતા ભીખ માંગવા આવેલ તે છોકરીઓ દેખાતા તેમને પકડી તેમને ચેક કરતાં થેલીમાંથી ચોરાયેલ ડબ્બો મળી આવતાં તેમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૯૦૦/- મળી કુલ્લે રૂપિયા ૩૧,૩૦૦/- ની મતા મળી આવતા આરોપી નં.(૧) મીનાબેન સુરેશભાઈ સલાટ, નં.(૨) મધુબેન વિક્રાંતભાઈ સલાટ તથા નં.(૩) માયાબેન અનિલભાઈ વાઘરી ત્રણેય રહે- મ.નં.૧૯૪, માનવ નગર સોસાયટી વટવા અમદાવાદ શહેરની ધરપકડ કરવામાં આવેલ છે,તથા આ ગુનાની મુખ્ય સુત્રધાર આનંદીબેન આનંદભાઈ સલાટ ભાગી ગયેલ હોઈ તેને પકડવા તજવીજ ચાલુ છે તથા અન્ય બે નાની છોકરીઓ નાઓની પુછપરછ કરતાં તેઓની પાસેથી આશરે ૪,૦૦,૦૦૦/- ના સોના-ચાંદીનો મુદ્દામાલ મળી આવેલ છે. અને સદર બહેનો નાના બાળકોના માધ્યમ દ્વારા ચોરી કરાવે છે. હાલમાં ફરિયાદીના દર દાગીના અને પૈસા સિવાય મળેલ અન્ય સોના-ચાંદીના દાગીના કોના છે તે વિશે વધુ તપાસ વટવા પોલીસ કરી રહી છે.




# અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ફોરવ્હીલ ગાડીઓની ચોરીઓ કરતી ટોળકીના ત્રણ ઈસમોને પકડી લઈ તેઓ પાસેથી ચોરીની ૨૮ જેટલી કાર કબ્જે કરી ૨૫૧ જેટલા કાર ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલતી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર

અમદાવાદ શહેરમાં બની રહેલ વાહનચોરી અંગેના ગુનાઓ શોધી કાઢવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચના આધારે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી એસ.એલ.ચૌધરી ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર નાઓના માર્ગદર્શન હેઠળ ગઈ તા.૩૦/૭/૧૮ ના રોજ અત્રેની શાખાના પો.ઈ.શ્રી જે.એન.ચાવડા તથા પો.ઈન્સ.શ્રી કે.જી.ચૌધરી તથા પો.સ.ઈ.શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઈ.શ્રી આર.પી.ડોડીયા તથા પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન થલતેજ ગોટીલા ગાર્ડન ખાતેથી આરોપી <u>અરવિંદભાઇ દુલાભાઇ માણીયા (પટેલ) ઉવ.૩૫ રહે : હાલ- ૪૦૫, રાધે ઉપવન રજોડા રોડ, બાવળા તા.બાવળા જી.અમદાવાદ મુળવતન- ગામ-ઢાકણકુંડા તા.શિહોર જી.ભાવનગર</u> નાને તેના કબજાની એક હુન્ડાઈ એસેન્ટ કાર નંબર GJ1HJ-1421 કી.રૂ. ૧,૦૦,૦૦૦/- ની કે જે તેણે ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાની પાકી બાતમી હકીક્ત આધારે મળી આવતા જે કાર કબ્જે કરવામાં આવેલ અને આરોપીને સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ.

અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાંથી છેલ્લા કેટલાક સમયથી ફોરવ્હીલ ચોરીના ગુન્હાઓ વધુ પ્રમાણમાં બની રહેલ હોય, આવી તમામ ચોરીવાળી જગ્યાઓની ક્રાઈમ બ્રાન્ચના અધિકારીશ્રીઓ તથા માણસો દ્વારા વિઝીટ કરવામાં આવતી હતી અને જગ્યાની આજુબાજુના સીસીટીવી ફુટેજ મેળવી તેમજ જે-તે વિસ્તારના ટાવર-ડેટા જેવા ટેકનીકલ-સોર્સ નો ઉપયોગ કરવામાં આવી રહેલ હતો. અને સીસીટીવી ફુટેજ આધારે આવી ચોરીની જગ્યાએ બનાવની આસપાસના સમયે એક સિલ્વર રંગની કાર જોવા મળતી હતી, જે આધારે ઝીણવટપુર્વકની માહીતી એકત્ર કરતા આ કાર દરેક ચોરીના બનાવ બાદ બાવળા તરફ જતી હોવાનુ અને ચાંગોદર ખાતેના સી.એન.જી પંપ ખાતે ગેસ પુરાવવા સારૂ અવાર-નવાર આવતી હોવાની હકીકત જણાઈ આવેલ હતી જે આધારે તે એસેન્ટ કારનો નંબર GJ1HJ-1421 નો હોવાનુ અને તે શંકાસ્પદ હોવાનુ જણાઈ આવેલ જે એકત્ર કરેલ તમામ માહીતી આધારે આ નંબરની કારની શોધખોળ ચાલુ હતી. જે સંજોગોમાં ઉપરોકત ઈસમને તે કાર સાથે પકડેલ છે.

આરોપી પાસેથી મળી આવેલ એસેન્ટ કાર બાબતે તેની પુછપરછ કરતા આ હુન્ડાઈ એસેન્ટ કાર નંબર GJ1HJ-1421 ની વડોદરા માંજલપુર વિસ્તારમાંથી પોતાના <u>મોટા ભાઈ હરેશ દુલાભાઈ માણીયા -રહે : મકાન નં-૨૬ સહજાનંદ સોસાયટી, રજોડા રોડ,બાવળા તા-બાવળા જી-અમદાવાદ કે જેઓ બી.એ.એમ.એસ ડોકટર છે અને હાલ તે ગામ-બલદાણા તા-બાવળા ખાતે દવાખાનુ ચલાવે છે</u> તેની સાથે મળી ચોરી કરેલ હોવાનુ અને તેનો અસલ નંબર GJ06BA-4606 નો હોય, અને પોતે તેના ભાઈની મદદથી આ નંબર બદલાવી GJ1HJ-1421 નો ખોટો નંબર લગાવેલ હોવાનુ જણાવેલ. જે એસેન્ટ કાર બાબતે તપાસ કરતાં ગઈ તા.૨૭/૧૨/૧૮ ના રોજ વડોદરા માંજલપુર વિસ્તારના તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલ નિલકંઠ પાર્ટી પ્લોટ ખાતેથી ચોરી થયેલ હોવાનુ અને આ ચોરી અંગે <u>વડોદરા શહેર</u>

માજલપુર પો.સ્ટે. ખાતે ફ.ગુ.ર.નં.૨૬૪/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોવાનુ જણાઈ આવતા જે બાબતે માજલપુર પો.સ્ટે ખાતે જાણ કરવામાં આવેલ છે.

તેમજ આ આરોપીની વધુ પુછપરછ દરમ્યાન તેના ભાઈ હરેશ દુલાભાઈ માણીયા સાથે મળી વર્ષ-૨૦૧૪ થી હાલ સુધીમાં અમદાવાદ શહેરમાં એસ.જી.હાઇવે, સોલા ભાગવત તથા વસ્ત્રાપુર વિસ્તારમાંથી સેન્ટ્રો, અલ્ટો,વેગન-આર, એસેન્ટ, તથા ઝેન જેવી ૨૫૧ જેટલી ફોરવ્હીલ ગાડીઓની ચોરીઓ કરેલ હોવાનુ તેમજ વડોદરા ખાતેથી બીજી બે જેટલી ફોર વ્હીલ ગાડીઓ ચોરી કરેલ હોવાનું જણાવેલ જે ચોરીઓ કરવા માટે બંન્ને ભાઈઓ પોતાના કબ્જાની કોઈપણ ચોરીની કાર લઈને જતા અને ઉપરોક્ત વિસ્તારમાં રોડ ઉપર પાર્ક કરેલ સેન્ટ્રો, વેગનઆર તથા અલ્ટો,એસેન્ટ અને ઝેન જેવી કારને ટારગેટ કરી આવી કારની બાજુમાં પોતાની કાર ઉભી રાખી દઈ જેની આડ લઈ ટારગેટ કરેલ કારને હરેશ દુલાભાઈ નાનો ડુપ્લીકેટ ચાવી વડે ખોલી ચોરી કરી લેતો અને આ રીતે ચોરેલી કાર લઇને બંન્ને જણા બાવળા તરફ જતા રહેતા અને ત્યાંથી ચોરીની કાર અરવિંદ દુલાભાઈ નાનો લઈને આ કાર પોતાના ઓળખીતા રાજકોટ ખાતેના તાહેર અનવરભાઇ ત્રીવેદી(દાઉદી-વોરા) નામના માણસને આપતો હતો અને કેટલીક આવી ચોરીની ગાડીઓ તાહેર વોરાના ગોડાઉન ખાતેથી તાહેરના ઓળખીતા સલીમ હબીબભાઇ શેખ નાનો પણ આવતો અને તે પણ અરવિંદ પાસેથી કાર ખરીદતો હતો. આમ બંન્ને ભાઈઓએ મળી એસ.જી.હાઇવે, સોલા ભાગવત તથા વસ્ત્રાપુર વિસ્તારમાંથી વર્ષ-૨૦૧૪ થી હાલ સુધીમાં ૨૫૧ જેટલી ફોરવ્હીલ ગાડીઓની ચોરી કરેલ છે. અને આવી દરેક ગાડી દીઠ તાહીર વોરા પોતાને રૂ. ૩૦ થી ૩૫ હજાર રોકડા આપતો અને તેમાંથી બંન્ને ભાઈઓ સરખા ભાગે નાણા વહેચી લેતા હોવાની આરોપીએ કબુલાત કરેલ છે.

આ આરોપીની પુછપરછ દરમ્યાન બન્ને ભાઈઓએ જે ફોરવ્હીલ ગાડીઓ ચોરીઓ કરેલ તે પૈકીની એક મારુતી અલ્ટો કારનં-જીજે૨-આર-૯૩૮૩નંબરની કાર સોલા વિસ્તારમાંથી ચોરી કરેલ તે બંન્ને ભાઈઓએ રાજકોટ ખાતેના ઉપરોક્ત તાહેર તથા સલીમ નામના માણસોને આપેલ હોવાની હકીકત જણાવતા જે અલ્ટો કાર કી.રૂ.૧ લાખની કબ્જે કરવામાં આવેલ છે જે અલ્ટો કારની ચોરી બાબતે સોલા પોલીસ સ્ટે.ખાતે ગુન્હો દાખલ થયેલ છે.

તેમજ આ સિવાય અમદાવાદ શહેરમાંથી ચોરી કરેલ તેવી હુન્ડાઈ સેન્ટ્રો કાર કાર નંગ-૨ તથા વેગન આર કારનંગ-૧ પોતાના ભાઈ હરેશભાઈ દુલાભાઈ નાએ બાવળા ખાતેના પુથ્વી કોમ્પલેક્ષના પાર્કીગમાં મુકી રાખેલ હોવાની આરોપી કબુલાત કરતા જે વધુ કાર નંગ-૩ કી.રૂ.૫ લાખનો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કબ્જે કરેલ ગાડીઓ પૈકીની એસેન્ટ કાર તથા અલ્ટોકારના અસલ રજીસ્ટ્રેશન નંબર વાળી નંબર પ્લેટ બદલાવી અન્ય ખોટા નંબરની નંબર પ્લેટો આરોપીઓએ ઈરાદાપુર્વક બદલેલ હોય, અને તપાસ દરમ્યાન અરવિંદભાઇ દુલાભાઇ માણીયાના સાગરીતો <u>(૨) તાહેર અનવરહુસેન ત્રિવેદી દાઉદીવોરા</u> ઉવ ૨૩ રહે-બેડી પરા બુરહાની પાર્ક, શિતળા માતાના મંદિર પાસે, રાજકોટ-૩ તથા <u>(૩) સલીમ હબીબભાઇ શેખ</u> ઉવ.૪૮ રહે- દુધ સાગર રોડ ઉપર, ભગવતી સોસાયટી રાજકોટ નાઓને રાજકોટ ખાતેથી હસ્તગત કરી આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદાકીય જોગવાઈ મુજબ અત્રેની શાખા ખાતે ઇ.પી.કો કલમ : ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરી આરોપીઓને આ ગુન્હામાં નવ દિવસના રીમાન્ડ ઉપર મેળવવામાં આવેલ છે.

આરોપી અરવિંદભાઇ દુલાભાઇ માણીયા તથા તેના ભાઈ હરેશ દુલાભાઈ માણીયા બંન્નેએ મળી અમદાવાદ શહેરમાં જે કારોની ચોરીઓ કરેલ તે પૈકીની કેટલીક કાર તેઓએ ઉપરોક્ત આરોપીઓ તાહેર અનવરહુસેન ત્રિવેદી દાઉદીવોરા તથા સલીમ હબીબભાઇ શેખને વેચેલ તેવી કારો પૈકીની વધુ સેન્ટ્રો કાર નંગ-૯ તથા વેગન આર કાર નંગ-૭ તથા મારુતી-૮૦૦ કાર નંગ-૨ તથા મારુતી ઝેન કાર નંગ-૨ તથા મારુતી

ફન્ટી કારનંગ-૧ મળી બીજી ૨૩ કાર રાજકોટ ખાતેની તેઓની ભંગારના ગોડાઉન વાળી દુકાનેથી કબ્જે કરવામાં આવેલ છે. તેમજ આરોપી સલીમ હબીબભાઈ શેખના ભંગારના ગોડાઉનમાંથી આ ચોરીની કાપી નાંખેલ કારોના સ્પેરપાર્ટસ જેમાં અલ્ટો કારના દરવાજા નંગ-૧૮ તથા બોનેટ-૧ તથા સેન્ટ્રોકારના દરવાજા નંગ-૫૦ તથા બોનેટ-૧ તથા વેગનઆર કારના નંગ-૨૩ તથા બોનેટ-૧ તથા હોન્ડાસીટી કારનો દરવાજો-૧ તથા ઝેન કારના દરવાજા નંગ-૪ તથા એસેન્ટ કારનો દરવાજો નંગ-૧ તથા આર.ટી.ઓ માન્ય નંબર પ્લેટ કુલ ૩૪ મળી કુલ્લે રૂ. ૪૩,૬૬,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવેલ છે.

આરોપીઓ પાસેથી કબ્જે કરેલ વાહનો તથા તેઓની પુછપરછ દરમ્યાન કરેલ કબુલાત આધારે તપાસ કરતાં ફોરવ્હીલ ગાડીઓની ચોરી અંગેના નીચે મુજબના ગુનાઓ ડીટેકટ થવા પામેલ છે.

(૧) વડોદરા માંજલપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૬૪/૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ(એસેન્ટ કાર)

(૨) સોલા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૯૦/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ( અલ્ટો કાર)

આ સહીત આરોપી અરવિંદભાઇ દુલાભાઇ માણીયા તથા તેના ભાઈ હરેશ દુલાભાઈ માણીયા બંન્ને એ મળી

- *વર્ષ-૨૦૧૪ માં સેન્ટ્રો કાર-૨, એસ્ટીમ કાર-૧, ઝેન કાર-૯, મારુતી ફન્ટી કાર-૪૯ ની ચોરી*
- *વર્ષ-૨૦૧૫ માં સેન્ટ્રો કાર-૨૦, અલ્ટો કાર-૯, વેગન આર કાર-૩,એસ્ટીમ કાર-૨, ઝેન કાર-૭, મારુતી ફન્ટી કાર-૮ ની ચોરી*
- *વર્ષ-૨૦૧૬ માં સેન્ટ્રો કાર-૨૬, અલ્ટો કાર-૧૩, વેગન આર કાર-૯ ની ચોરી*
- *વર્ષ-૨૦૧૭ માં સેન્ટ્રો કાર-૨૭, અલ્ટો કાર-૧૫, વેગન આર કાર-૧૦ ની ચોરી*
- *વર્ષ-૨૦૧૮ માં સેન્ટ્રો કાર-૧૧, અલ્ટો કાર-૯, વેગન આર કાર-૧૫ તથા ઝેન કાર-૧,*

  ની ચોરીઓ કરેલ હોય, જે તમામ ચોરીના બનાવોમાં ફરીયાદીઓને શોધવા અંગેની તપાસ તજવીજ હાલ ચાલુ છે.

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | વસ્ત્રાપુર | ૪૨ | ૩૩ | ૨૩ | ૨૧ | ૧૧ | ૧૩૦ |
| 2. | સેટેલાઈટ | ૦૭ | ૦૨ | ૦૪ | ૦૫ | ૦૨ | ૨૦ |
| 3. | આનંદનગર | ૦૫ | ૦૩ | ૦૪ | ૦૬ | ૦૭ | ૨૫ |
| 4. | સોલા | ૦૭ | ૦૯ | ૧૩ | ૧૭ | ૦૩ | ૪૯ |
| 5. | સરખેજ | - | ૦૨ | ૦૫ | ૦૫ | ૦૫ | ૧૭ |
| 6. | ઘાટલોડીયા | - | - | ૦૧ | - | - | ૦૧ |
| 7. | નવરંગપુરા | - | - | - | - | ૦૧ | ૦૧ |
| 8. | એલીસબ્રીજ | - | - | - | - | ૦૧ | ૦૧ |
| 9. | નિકોલ | - | - | - | - | ૦૫ | ૦૫ |
| 10. | રામોલ | - | - | - | - | ૦૧ | ૦૧ |
| 11. | નરોડા | - | - | - | - | ૦૧ | ૦૧ |
| કુલ | | | | | | | ૨૫૧ |

અને રીમાન્ડ દરમ્યાંન અન્ય ચોરીમાં ગયેલ ઘણી બધી કાર પણ મળવાની શક્યતા છે. અને અન્ય આરોપીઓના નામ પણ ખુલવાની સંભાવના રહેલી છે. જે બાબતેની આગળની તપાસ તજવીજ પો.ઇ.શ્રી જે.એન.ચાવડા નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી એ.પી.ચૌધરી ચલાવી રહેલ છે.

## ગુનાની એમ.ઓ.

આરોપીઓ પોતાના કબ્જામાં ચોરી કરેલી કારનો નંબર બદલી નાંખી આવી કાર લઈને તેમાં પોતાની સાથે સન પ્રોટેકટર,ટોપીઓ તથા અલગ-અલગ રંગના શર્ટ તથા ટોપીઓ તથા ચાદર જેવુ કપડુ પોતાની સાથે રાખી અમદાવાદ શહેરના પોશ વિસ્તાર એવા એસ.જી.હાઇવે, સોલા ભાગવત તથા વસ્ત્રાપુર જેવા વિસ્તારના પાર્ટી પ્લોટ તેમજ ગાર્ડનની આસપાસ ના વિસ્તારને ટાર્ગેટ કરી મુખ્યત્વે શનિવાર તથા રવિવારના સાંજના છ વાગ્યા બાદનો સમય વધુ પસંદ કરતા જેથી અંધારાનો લાભ લઇ શકાય. તેમજ આરોપીઓ મુખ્યત્વે સેન્ટ્રો, વેગન-આર, અલ્ટો, એસેન્ટ તથા ઝેન જેવી જુના મોડલની ગાડીઓ કે જેનુ લોક સરળતાથી ખુલી જાય, તેવી ગાડીઓને ટાર્ગેટ કરી આવી કારની બાજુમાં પોતાની કાર ઉભી રાખી આડશ કરી, આવી કારને ડુપ્લીકેટ ચાવી વડે ખોલી કારની ચોરી કરી તેમજ ચોરીની કાર લઈને જતી વખતે સી.સી.ટીવીમાં કોઈ જગ્યાએ દેખાઈ ગયેલ હોયતો ઓળખાઈ કે પકડાય ન જવાય, તે સારૂ ચાદર જેવુ કપડુ ઓઢી લઈ તેમજ માથે ટોપી પહેરી લઈ,તેમજ શર્ટ બદલી નાંખી તેમજ સાથે લઈ ગયેલ સન પ્રોટેકટરોને ચોરી કરેલ કારના તમામ કાચ ઉપર અંદરથી લગાડી દઈ ઓળખાઈ ન જવાય તેની ખાસ તકેદારી રાખી સ્થળ પરથી નાશી જતા અને આવી ચોરીની ગાડીઓ રાજકોટ ખાતે જઈ સસ્તામાં વેચી દેવાની એમ.ઓ. આરોપીઓ ધરાવે છે.

## આરોપીઓનો ગુન્હાહીત ઈતિહાસ

આરોપી અરવિંદ દુલાભાઈ માણીયા તથા તેનો ભાઈ હરેશ દુલાભાઈ માણીયા (વોન્ટેડ) બંન્ને અગાઉ સુરત ગ્રામ્યના કોસંબા પોલીસ સ્ટેશનના ડુપ્લીકેટ ચલણી નોટોના ગુન્હામાં અગાઉ વર્ષ-૨૦૦૧માં સાથે પકડાયેલ હતા જે ગુન્હામાં બંન્ને આરોપીઓ સુરતની લાજપોર જેલ ખાતે ચાર વર્ષ જેટલો સમય રહેલ છે.

ઉપરોક્ત સમયે લાજપોર જેલમાં રાજકોટના રહીશ તાહેરના પિતાજી અનવરભાઈ સમસુદીન ત્રીવેદી(દાઉદી-વોરા) નાઓ લુંટ એક ગુન્હામાં હતા, જ્યા આરોપીઓને તેઓ સાથે ઓળખાણ થયેલ હતી. અને આમ બંન્ને આરોપીઓ પાછળથી અનવરભાઈ વોરાના પુત્ર તાહેરના સંપર્કમાં આવેલ અને તાહેર જે રાજકોટમાં કબાડીનો ધંધો કરતો હોય, જેથી આરોપીઓએ ચોરીની ગાડીઓનો નિકાલ કરવા માટે તાહેરનો સંપર્ક કરેલ હતો.

## સને-૨૦૧૦ તથા સને-૨૦૧૨ માં સગીર વયની ગુમ થનાર છોકરીઓને શોધી કાઢતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ.

પોલીસ મહાનિર્દેશક શ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તથા પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરનાઓ તરફથી તા.૦૧/૦૮/૨૦૧૮ થી તા.૦૮/૦૮/૨૦૧૮ સુધી ૦ થી ૧૮ વર્ષના ગુમ થયેલ બાળકોને શોધી કાઢવા માટે ખાસ ઝુંબેશ રાખેલ હોય, જે અન્વયે અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ, ખાસ પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એસ.એલ.ચૌધરી નાઓ તરફ થી ૦ થી ૧૮ વર્ષના ગુમ થયેલ બાળકોને શોધી કાઢવા સુચના કરેલ હોય. જેઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ સ્કોડના પો.સબ.ઈન્સ. શ્રી જે.પી.રોજીયા તથા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઇન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓની અલગ-અલગ ટીમો બનાવી સ્ટાફના માણસો સાથે ૦ થી ૧૮ વર્ષના ગુમ થયેલ બાળકોની શોધખોળ તપાસ હાથ ધરેલ હતી.

અમદાવાદ શહેર, ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૦૬/૨૦૧૦ ઇપીકો ૩૬૩, ૩૬૬ મુજબના ગુનાના કામે આજથી આશરે આઠેક વર્ષ પહેલા ભોગ બનનાર તેના પિતા તથા ભાઇ સાથે અમદાવાદ ખાતે રહેતી હતી. ત્યા ફરીયાદીના મકાનની સામે કમલેશભાઇ મુલીક નામનો છોકરો તેની ફોઇ સાથે રહેતો હતો. જે દરમ્યાન ફરીયાદીની દિકરી સાથે આ કમલેશ મુલીકને પ્રેમ સબંધ થતા ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી ભોગ બનનારને ભગાડી ઇન્દોર ખાતે લઇ ગયેલ અને ત્યાં કોર્ટ મેરેજ કરી લીધેલ. આ પછી આરોપી ભોગ બનનારને પોતાના વતન મધ્યપ્રદેશ ખાતે લઇ ગયેલ હતો. જ્યાં ભોગ બનનારને સંતાનમાં એક દિકરાનો જન્મ થયેલ અને ભોગ બનનારને પોતાના પિતાની યાદ આવતા તેના પિતાને મળવા માટે ગઇ કાલ તા.૦૨/૦૮/૨૦૧૮ ના રોજ સિંગરવા અમદાવાદ ખાતે આવનાર હોવાની બાતમી હકિકત સ્ટાફના મ.સ.ઇ. અરુણભાઇ ભગવાનદાસ તથા હેડ.કોન્સ. હિંમતસિંહ ભુરાભાઇ નાઓને મળતા સ્ટાફના માણસો સાથે સિંગરવા અમદાવાદ ખાતે જઇ તપાસ કરતા ઉપરોકત ભોગ બનનાર મળી આવતા તેને તા.૦૨/૦૮/૨૦૧૮ ના રોજ આગળની કાર્યવાહી માટે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.

તેમજ અમદાવાદ શહેર, ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૩૨/૨૦૧૨ ઇપીકો ૩૬૩, ૩૬૬ મુજબના ગુનાના કામે આજથી આશરે છ વર્ષ પહેલા ભોગ બનનાર તેના માતા પિતા સાથે અમદાવાદ ખાતે રહેતી હતી અને ત્યા ઓઢવ વિસ્તારમાં રહેતા અને સ્ટીલની ફેક્ટરીમાં કામ કરતા નીરજ રાજેન્દ્રસિંગ રાજપુતને ફરીયાદીની દિકરી સાથે પ્રેમ સબંધ થતા ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી ભગાડી લઇ ગયેલ અને ભોગ બનનારને નીરજ રાજેન્દ્રસિંગ રાજપુત પોતાના વતન ઉત્તરપ્રદેશ ખાતે લઇ ગયેલ અને ત્યાં તેની સાથે પ્રેમ લગ્ન કરી લીધેલ અને તેઓને સંતાનમાં એક દિકરીનો જન્મ થયેલ અને આજરોજ તા.૦૩/૦૮/૨૦૧૮ ના રોજ ભોગ બનનાર પોતાના પિતાને મળવા માટે ઓઢવ, અમદાવાદ ખાતે આવનાર છે. જે અંગેની બાતમી હકિકત સ્ટાફના મ.સ.ઇ. અરુણભાઇ ભગવાનદાસ તથા હેડ.કોન્સ. હિંમતસિંહ ભુરાભાઇ નાઓને મળતા સ્ટાફના માણસો ઓઢવ અમદાવાદ ખાતે જઇ તપાસ કરતા ઉપરોકત ભોગ બનનાર મળી આવતા તેને આગળની કાર્યવાહી માટે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

# વિઝાના કામ માટે ફરીયાદી પાસેથી રૂપિયા પચ્ચીસ લાખ મેળવી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરનાર આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ.

ફરીયાદી શ્રી પ્રહલાદભાઇ પ્રભુદાસ પટેલ નાઓએ આપેલ ફરીયાદ મુજબ આરોપી ગુણવંતભાઇ માધવલાલ પટેલ રહે. મહેસાણા વાળાએ પોતાને વિઝાના કામ માટે પૈસા ભરવાના હોય બે મહિનામાં પૈસા પરત આપી દેવાનુ જણાવી. તેમજ ફરીયાદીના ઘરના કોઇ બે સભ્યોના કાયદેસરના વિઝાનુ કામ કરી આપવાનુ જણાવી. ફરીયાદી પાસે થી ફેબ્રુઆરી-૨૦૧૪ દરમ્યાનમાં ટુકડે-ટુકડે કુલ રૂ.૨૫,00,000/- મેળવેલ. બાદ ફરીયાદીએ આપેલ રકમ પરત માંગતા ગુણવંતભાઇ માધવલાલ પટેલ નાએ ફરીયાદીને ““હવે તુ પૈસા માંગીશ તો તને જાન થી મારી નાંખીશ.”” તેવી ધમકી આપી ફરીયાદી પાસે થી લીધેલ રકમ પરત નહિ આપી આરોપી ગુણવંતભાઇ માધવલાલ પટેલે ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોવા બાબતે ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ખાતે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યા અંગે ગુનો નોંધાયેલ છે.

ઉપરોક્ત બાબતે નોંધાયેલ ગુનાની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી, એસ.આર.ટંડેલ નાઓને સોપવામાં આવતા તેઓશ્રી તરફથી આ ગુનાની તપાસ હાથ ધરવામાં આવેલ અને આરોપી ગુણવંતભાઇ માધવલાલ પટેલ અંગે તપાસ હાથ ધરેલ હતી. દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે રાણીપ ગામ બસ સ્ટેન્ડ ખાતેથી આરોપી ગુણવંતભાઇ માધવલાલ પટેલ મળી આવતા તેની ધરપકડ કરવામાં આવેલ છે. આરોપી ગુણવંતભાઇ પટેલની પુછપરછ દરમ્યાન જણાઇ આવેલ છે કે, આરોપી સને-૨૦૦૨ દરમ્યાન બનાવટી પાસપોર્ટ તથા વિઝા તૈયાર કરવા અંગેના ગુનામાં બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ હતો. જે ગુનામાં સાતેક માસ જેટલો સમય જેલમાં રહેલ. ત્યાર બાદ જામીન મુક્ત થયેલ હતો. તેમજ આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલ રોકડ રકમ પરત ચુકવી શકે તેમ ન હોય, તેમજ અન્ય વ્યક્તિઓ પાસેથી પણ આરોપીએ વિશ્વાસ આપી રોકડ રકમ મેળવેલ તે રોકડ રકમ પણ પરત ચુકવી શકે તેમ ન હોઇ આરોપી પોતે ગામ છોડી જતો રહેલ અને મુંબઇ, કલકત્તા તેમજ દિલ્હી જેવા શહેરોમાં ફરી જુદી જુદી જગ્યાઓએ રોકાણ કરતો હતો. આરોપી ગુણવંતભાઇ માધવલાલ પટેલના રીમાન્ડ મેળવેલ છે.



**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"બાપુનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "બાપુનગર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.